

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ ફ્લાવર શૉ-૨૦૧૯ને અમદાવાદની આગવી ઓળખ  સમાન અને અમદાવાદની શોભામાં અભિવૃધ્ધિ કરનાર ગણાવ્યો છે. તેમણે કહ્યું કે સાડા સાત લાખ ફૂલો સાથેનો આ નયનરમ્ય ફલાવર શૉ રિવરફ્રન્ટની અનેરી આભા ઉપસાવશે. અમદાવાદ ખાતે યોજાઈ રહેલ ફ્લાવર શૉ- ૨૦૧૯ને મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં ખુલ્લો મુક્યો હતો. તેમણે કહ્યું કે, પ્રતિવર્ષ યોજાતા ફ્લાવર શૉ  કરતાં આ વર્ષે ડબલ વિસ્તારમાં ફ્લાવર શૉ યોજાઈ રહ્યો છે અને ફ્લાવર શૉ માં ૭.૫ લાખ કરતાં વધુ ફૂલોના ઉપયોગથી વિવિધ પ્રતિકૃતિઓનું સર્જન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, આ વર્ષે ટેરેસ ગાર્ડન, બાલ્કની ગાર્ડન અને વર્ટિકલ ગાર્ડન જેવા નવા આયામોનો ઉમેરો કરવામાં આવ્યો છે જેનાથી અનેરી ગ્રીનરીનું નિર્માણ થયું છે જે લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ અમદાવાદ ફ્લાવર શૉ માં બુલેટ ટ્રેન, સી-પ્લેન, બાર્બી ડોલ, ગાંધીજીના ચશ્મા, યુનિવર્સ, હરણ, મોર સહિતની નયનરમ્ય પ્રતિકૃતિઓનું નિર્માણ કરી પ્રદર્શિત કરવામાં આવી છે. ફ્લાવર શૉ ના ઉદઘાટન પ્રસંગે મેયર બિજલબેન પટેલ, સંસદ સભ્ય ડો. કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય સર્વ ભૂપેન્દ્રભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, રાકેશભાઈ શાહ, મ્યૂનિસિપલ કમિશનર વિજય નેહરા, કોર્પોરેટરો તથા અમદાવાદના નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં. આજથી આ ફલાવર શૉ નગરજનો માટે ખૂલ્લો મૂકવામાં આવ્યો છે.

## બલુન ઉડાડી વિરોધ... ● ત્રીજા પાનાનું ચાલુ

આઉટસોર્સિંગ પ્રથા સદંતર બંધ કરવામાં આવે અને નિયમિત ભરતીથી નિમણુંક આપવામાં આવે, રાજયની ૧૬૨ માંથી માત્ર ૧૦૫ નગરપાલિકાના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો છે. જયારે ૫૬ નગરપાલિકાના કર્મચારીઓને અન્યાય થવા પામ્યો છે. ત્યારે ગુજરાત રાજય બોર્ડ નિગમના કર્મચારીઓની વારંવાર રજુઆત છતા સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય નહીં આવતા કર્મચારીઓમાં રોષ વ્યાપી જવા પામ્યો છે. જેથી બોર્ડ નિગમના કર્મચારીઓ તા.૧૭ ને ગુરુવારના રોજ બપોરે ૨ કલાકે કાળી પટ્ટી ધારણ કરીને તેમજ કાળા બલુન ઉડાડીને વિરોધ નોંધાવવામાં આવશે.

## આંદોલનના માર્ગે... ● ત્રીજા પાનાનું ચાલુ

નથી. કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ મળ્યો નથી. તે ઉપરાત સીપીએપ અને એનપીએસનો લાભ પણ મળ્યો નથી. જયારે કર્મચારીઓને પ્રમોશન આપવામાં આવ્યું નથી. જેને પગલે કર્મચારીઓમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે. આજે સવારથી જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ૩૦૦ જેટલા કર્મચારીઓએ રંગબેરંગી કપડા ઉપર વ્હાઈટ એપ્રન પહેરી પોતાનો વિરોધ પ્રગટ કર્યો હતો.જયારે રાજયના મુખ્યમંત્રીને પણ આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા જણાવાયું હતું.

## જમાવટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના માર્ગોને રોશનીથી શણગારવા માટે તોતિંગ ખર્ચ કરાયો છે. જયારે માર્ગોની વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જને પણ રંગબેરંગી રોશની કરવામાં આવી છે. સેન્ટ્રલ વર્જને અનુલક્ષી ગ્રીલ લગાવી દેવાઈ છે. જયારે ગ્રીલ પર રોશનીની સજાવટ જોવા મળી રહી છે. શહેરના મુખ્યમાર્ગો સહીત સ્વર્ણિમ પાર્કમાં પણ અવનવી લાઈટીંગ જોવા મળી રહી છે. સ્વર્ણિમ પાર્કમાં નવા પ્લાન્ટેશન સહીત ફલાવર વેલીનુ પણ નિર્માણ કરાયુ છે. આ ઉપરાંત રંગબેરંગી રોશનીના લીધે પાર્ક વધુ ભવ્ય જોવા મળી રહ્યો છે. નગરના માર્ગો ઉપરાંત વિધાનસભા, જિલ્લા પંચાયત, ટાઉનહોલ , ઉદ્યોગભવન અને રાજભવન સહીતના ઠેકાણે રોશની કરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ જયાં યોજાવાની છે તેવા મહાત્મા મંદિરે પણ ઈન્ડેકસ બી દ્વારા સુશોભન કરાયુ છે. શહેર સતત પાંચ રાત્રિ સુધી રોશનીથી નિખરેલુ જોવા મળશે. હાલ પણ ટેસ્ટીંગ ચાલી રહ્યુ છે. ત્યારે નગર બહારથી પણ મુલાકાતીઓ રોશનીનો ભવ્ય નઝારો જોવા ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર અમદાવાદને જોડતા તમામ માર્ગો પર રોશની કરવામાં આવી છે. જયારે રોડ નં -૫ ઉપર પણ રોશનીની સજાવટ જોવા મળી રહી છે. રોશનીને અનુલક્ષી વિવિધ ૨૫ ઠેકાણે જનરેટર મુકવામાં આવ્યા છે.  ગાંધીગરમાં રોડ નં -૫ થી આગળ વાઈબ્રન્ટ ફીવરની અસર જોવા મળતી નથી. જેના લીધે જુના ગાંધીનગરમાં વાઈબ્રન્ટ લુકની ઉણપ વર્તાઈ રહી હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

## પ્રતિકૃતિ રચાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી સજાવટ કરવામાં આવી છે. સ્વર્ણિમ પાર્કમાં રોશનીનો શણગાર પણ કરવામાં આવ્યો છે. જયારે સે-૧૫ સાયન્સ કોલેજની સામે સ્વર્ણિમ પાર્કમાં અવનવા ફુલો લગાવી ભારતનો નકશાની પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. જેમાં પેન્જી, પિતુનિયા, સિલોસિયા અને ફલોક્સ સહીતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ સિઝનલ ફુલો નિખરતા ભારતના નકશાની અદભુત પ્રતિકૃતિનુ નિર્માણ થશે. લાલ , વાદળી અને ગુલાબી રંગના ફુલો નિખરશે. જેના લીધે દેશના નકશાની ઈમેજ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે. આ ઉપરાંત આસપાસના વિસ્તારમાં પણ કલર લીફ ગાર્ડનનુ નિર્માણ કરાયુ છે. જેમાં પાર્કમાં રંગબેરંગી પાંદડાઓની ડિઝાઈન પણ ઉદ્યાનની રોનક નિખારશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનાવાના હોવાથી નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યુ છે. જયારે નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત પાર્કને પણ રોશનની જળહળા સાથે અવનવા ફુલોથી નિખારવામાં આવ્યો છે. દિવસ દરમિયાન ફુલોનો નિખાર અને રાત્રિના રોશનીનો જગમગાટ નિખરતા પાર્કની સુંદરતા નિખરી છે.

## વાયબ્રન્ટ ગુજરાત... ● પહેલા પાનાનું ચાલુ

આપ-લે થવાની સંભાવના છે. આ પ્રદર્શનમાં ૧.૫ મીલીયન મુલાકાતીઓ અને વિશ્વના વિવિધ ૧૦૦ દેશોના ૩૦૦૦ આંતરરાષ્ટ્રિય ડેલિગેટ્સ ઉપસ્થિત રહે એવી ધારણા છે. આ સ્થળે મેક ઈન ઈન્ડિયા અને સ્ટેટ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ, બુલેટ ટ્રેન સિમ્યુલેટર, ફાર્મ ટુ ફેબ્રિક પેવેલિયન તથા ખાદી જેવા વિષયને કેન્દ્રમાં રાખીને તૈયાર કરાયેલ ફેશન શો આ ટ્રેડ શો પૈકીના મહત્વના આકર્ષણો છે. ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહયોગથી આ ફેશન-શો સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે તારીખ ૧૯ જાન્યુઆરીના સાંજે યોજાશે.

## કટોકટી ટૂંક સમયમાં... ● પહેલા પાનાનું ચાલુ

દ્વારા સરકારને ગબડાવી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. બીજી બાજુ કુમારસ્વામીએ એમ પણ ક્યું હતું કે, મોદીને મળવાની કોઈપણ યોજના નથી. કોઈપણ કોંગ્રેસી પ્રધાનો રાજીનામુ આપી રહ્યા નથી. કોંગ્રેસ અથવા જેડીએસમાંથી કોઈ સભ્યો રાજીનામુ આપશે નહીં. આ બાબત ભાજપમાં બની રહી છે. બિનજરૂરી અફવાઓ ફેલાઈ રહી છે. કોંગ્રેસ અને જેડીએસ બંધન ખુબ મજબૂત ગઠબંધન છે. કર્ણાટક સરકારને અસ્થિર કરવાના પ્રયાસ કવરાનો ભાજપ ઉપર આક્ષેપ કરતા જેડીએસના નેતાએ કહ્યું હતું કે, ગુડગાંવમાં એક રિસોર્ટમાં પોતાના ૧૦૪ ધારાસભ્યોને ભાજપે શા માટે રોકી રાખ્યા છે.

## સીબીઆઈના નવા... ● પહેલા પાનાનું ચાલુ

મળનાર છે. નવા સીબીઆઈ ડિરેક્ટરની પસંદગીને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. મોદી આ કમિટિનું નેતૃત્વ કરી રહ્યા છે જેમાં ભારતના ચીફ જસ્ટિસ અને લોકસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને અન્ય સભ્યો પણ રહેલા છે. સુત્રોએ કહ્યું છે કે, સરકારે ૨૪મી જાન્યુઆરીના દિવસે હવે મિટિંગ બોલાવી છે. અગાઉ ૨૧મી જાન્યુઆરીના દિવસે આ મિટિંગ મળનાર હતી પરંતુ લોકસભામાં કોંગ્રેસના નેતા ખડગે દ્વારા ૨૪મી અથવા તો ૨૫મી જાન્યુઆરીના દિવસે આ બેઠક બોલાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પારસ્પરિક ચર્ચા કરવામાં આવ્યા બાદ સરકારે હવે ૨૪મી જાન્યુઆરીની તારીખ નક્કી કરી દીધી છે. નવા સીબીઆઈ ડિરેક્ટરની પસંદગી માટેની તારીખ નક્કી થઈ ચુકી છે.

## શંકાના દાયરામાં... ● પહેલા પાનાનું ચાલુ

વરિષ્ઠ નેતા શિવકુમારે કહ્યું છે કે, સરકાર સામે કોઈ ખતરો નથી. કોંગ્રેસી નેતા અને રાજ્યના કેબિનેટ મંત્રી ઝમીર અહેમદે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું છે કે, તેમની પાર્ટીના કોઈ ધારાસભ્ય અન્ય પાર્ટીમાં જશે નહીં. પાર્ટીના ચારથી પાંચ ધારાસભ્ય મુંબઈમાં છે. તેમને ખરીદવાના પ્રયાસ થશે તો અમે શાંત રહીશું નથી. ભાજપને ચારથી પાંચ ધારાસભ્યોનું સમર્થન મળી શકે છે. કોંગ્રેસ અને ભાજપના ટોપના નેતાઓ પોતાના સભ્યોને રોકવા માટે તમામ પ્રકારના પ્રયાસ કરી રહ્યા છે. જો કે બંને પાર્ટીમાં ભંગાણની શક્યતા છે. કર્ણાટક વિધાનસભામાં કટોકટીને લઈને તમામ પાર્ટીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. એકબાજુ ભાજપના ધારાસભ્ય હરિયાણાના ગુરુગ્રામમાં રોકાયેલા છે જ્યારે કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને મુંબઈ લઈને પહોંચી ચુકી છે.

## લોન લેવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરના સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં સીટી સ્કવેર પ્રોજેક્ટને વૈશ્વિક એન્જીનીયરીંગની સાથે ટેકનીકલ આસિસ્ટંસ પણ મળશે. મળતી વિગતો પ્રમાણે યુરોપીયન યુનિયને કોઈ એકજ પ્રોજેક્ટની પસંદગી કરશે તેવા સ્પષ્ટ સંકેત આપ્યા હોવાથી ગાંધીનગર શહેરનો આ એકજ પ્રોજેક્ટ હોવાથી તેની પસંદગીની તકો વધી જવા પામી છે. સીટી સ્કવેર પ્રોજેક્ટસને લઈ અત્યારે સેક્ટર-૨૨માં માર્ગોને પહોળા કરવા, વોકવે સેક્ટરને ફરતો બનાવવા સહિત ડ્રેનેજ વોટર સિસ્ટમના અપગ્રેડેશન અને જુના જર્જરિત બ્લોક તોડવા સહિતની ઘણી બધી કામગીરી ચાલી રહી છે. સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં ૫૦ ટકા કેન્દ્રના, ૩૦ ટકા રાજ્ય સરકારના અને ૨૦ ટકા સુધી લોકફાળો લેવાની જોગવાઈ છે જે નોંધનીય છે.





सत्यमेव जयते
Government of Gujarat

Vibrant GUJARAT 2019 ™
18-20 Jan
Shaping a New India | 9th Global Summit

VIBRANT GUJARAT
GLOBAL SUMMIT
#ShapinganewINDIA
18 19 20 JANUARY 2019
Mahatma Mandir, Gandhinagar, Gujarat.

Kindly follow the route map to arrive at
**Vibrant Gujarat Global Summit 2019**
18-20 January, 2019

Kindly follow these Instructions for Security Reasons

- Kindly take your seat 60 minutes before the inaugural function begins
- You are requested to always carry invitation card or wear the name badge provided to you
- Invitation card provided to you is non-transferable
- Do not carry any inflammable items like lighter, matchbox, etc; sharp edge items, weapons, firearms, cameras and remotely operated devices
- It is mandatary to stick the car pass enclosed with the invitation card on the inside left corner of the windscreen of your car
- Entry and exit shall only be at the points indicated in the invitation card according to the colour code on the invitation card
- Please follow the colour code directives as per your invitation card

It is necessary to carry your Photo ID card with you.

